આલીપોર હાઇવેના ફૂટ ઓવરબ્રિજ પરથી મોટર સાઇકલોની અવર જવર

ઘેજ : ચીખલી નજીકના આલીપોરમાં નેશનલ હાઇવે પર તાજેતરમાં ખુલ્લા મુકાયેલા ફૂટ ઓવરબ્રિજ પરથી મોટર સાયકલોની અવર જવરથી અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઇ રહી છે. આ ફૂટ ઓવરબ્રિજ લોકો પગપાળા અવર જવર કરી શકે તે માટે નિર્માણ કરાયું હતું. પરંતુ ખુલ્લો મુકાયા બાદ રોકટોક વિના બિન્દાસ પણે તેના પરથી કેટલાક લોકો મોટર સાયકલ લઈને અવાર જવર કરતા જોવા મળી રહ્યા છે. આલીપોરમાં આ ફૂટ ઓવરબ્રિજ પાસે હાઇસ્કૂલ પણ હોવા સાથે લોકો માટે ફૂટ ઓવરબ્રિજ ખૂબ ઉપયોગી છે. પરંતુ આ રીતે ફૂટ ઓવરબ્રિજ પરથી મોટર સાયકલોની અવર જવરથી અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઇ રહી છે. વધુમાં આ ફૂટ ઓવરબ્રિજ પર કેટલાક તત્વો ચોક્કસ સમયે અડિંગો જમાવીને બેસી રહેતા હોવાનું પણ જાણવા મળેલા છે. ઉપરોક્ત સ્થિતિમાં હાઇવે ઓથોરિટી અને સ્થાનિક પોલીસ દ્વારા જરૂરી તપાસ કરી આ રીતે ફૂટ ઓવરબ્રિજ પરથી મોટર સાયકલ પર આંટાફેરા કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

જિલ્લાકક્ષાની સ્પોર્ટસ મિટમાં નાનીવહીયાળ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ઝળક્યા

વલસાડ : ભારત સરકાર યુવા અને રમતગમત મંત્રાલય મેરા યુવા ભારત (મારુ ભારત) વલસાડ દ્વારા પંદરથી ઓગણત્રીસ વર્ષના ખેલાડીઓની જિલ્લા કક્ષાની સ્પોર્ટસ મીટ સંસ્કાર ભારતી હાઈસ્કૂલ ગીતાનગર વાપીના પટાગણમાં યોજાઈ હતી. જેમા સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા નાનીવહીયાળએ જુદી જુદી કુલ 03 સ્પર્ધામાં ભાગ લઈ 02 સ્પર્ધામાં પ્રથમક્રમ અને 01 સ્પર્ધામાં દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરી શાળાનુ ગૌરવ વધાર્યુ છે. લાંબી કુદમાં પ્રથમક્રમે ચૌધરી અંકિત શાળીદાસ અને બહેનોમાં ગાયકવાડ ઉર્વશી જીગ્નેશ જ્યારે બીજા ક્રમે જીનલ લક્ષી ગાયકવાડ (ધો.11)નો સમાવેશ થાય છે. વિજેતા વિદ્યાર્થીઓને અને વ્યાયામ શિક્ષિકા અમિતાબેન ગામીત ટ્રેનર વિજયકુમાર વાનીને શાળાના આચાર્ય શૈલેશ પટેલ, શાળા પરીવાર અને વાલી મંડળના પ્રમુખ દિલીપ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

ધરમપુર-વાંસદા ને.હા. 56 પરના જર્જરીત પુલનો ભાર જનતા પર

મહિનાઓથી બંધ પુલ શરૂ થયા નથી

એસટી બસ સેવા બંધ કરાતા વિદ્યાર્થીઓ સહિત ગ્રામજનો ભારે ત્રસ્ત

ભૂતકાળમાં આવેદનપત્ર અને માર્ગ પર બેસી વિરોધ પ્રદર્શન કરયા છતાં માર્ગ પૂર્ણ થયો નથી

ધરમપુર : ધરમપુર-વાંસદા નેશનલ હાઈવે 56 માર્ગ પર કરંજવેરી ગામે માન નદી પર આવેલો અને આંબાતલાટ ગામે તાન નદી પર આવેલા બે મહત્ત્વપૂર્ણ પુલ અતિ જર્જરિત હાલતમાં પહોંચતા ગત ચોમાસામાં તંત્ર દ્વારા વાહનો માટે બંધ કરી દેવાયા હતા. ખાસ કરીને ચોમાસા દરમ્યાન કરંજવેરી ખાતે માન નદીના પુલમાં મોટું ગાબડું પડી જતાં ગંભીર અકસ્માતની ભીતિ ઊભી થઈ હતી. જેના કારણે વહીવટી તંત્ર હરકતમાં આવ્યુ હતું.

ધરમપુર તાલુકાના કરંજવેરી અને આંબાતલાટ ગામે આવેલા બે મહત્ત્વના પુલની માર્ગ મકાન વિભાગના અધિકારીઓએ મુલાકાત લઈ ચકાસણી કર્યા બાદ ગત ચોમાસામાં બંને પુલો વાહનો માટે બંધ કરવામાં આવ્યા હતા. સુરક્ષાના કારણોસર બંને પુલ પર પોલીસ ગોઠવી ભારે વાહનોની અવરજવર સંપૂર્ણ બંધ કરી દેવામાં આવી હતી. આમ ભારે વાહનો પર પ્રતિબંધ મૂકાતાં આ મુખ્ય માર્ગની બસ સેવા પણ બંધ કરી દેવામાં આવી હતી, જે આજ દિન સુધી શરૂ ન કરાતાં મુશ્કેલી વધતી જઈ રહી છે. જોકે બસ સેવા બંધ રહેતાં કરંજવેરી, આંબાતલાટ, હનમતમાળ માર્ગ તેમજ વાંસદા તરફના અનેક ગામોના વિદ્યાર્થીઓને શાળા-કોલેજ માટે ધરમપુર કે વલસાડ પહોંચવા ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે. જોકે આદિવાસી અંતરિયાળ વિસ્તાર ધરાવતો હોવાથી વધારાનો મુસાફરી ખર્ચ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારએ આર્થિક તંગી ભોગવી પડી રહી છે. લગભગ સાતથી આઠ માસથી વધુ સમય વિતી ગયો હોવા છતાં બંને પુલોની મરામત કે નિર્માણ કાર્યની શરૂઆત ન થતાં લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ભૂતકાળમાં આ મુદ્દે આવેદનપત્ર અને માર્ગ પર બેસી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતાં છતાં પણ માર્ગ પૂર્ણ ન થતાં હવે ફરી આવેદનપત્ર અને રસ્તા રોકો આંદોલનની ચર્ચા તેજ બની છે. જો ફરી વિરોધની જવાળા ફાટી નીકળશે તો આંદોલન લાંબુ ચાલશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

તાલુકા કોંગ્રેસ પ્રમુખની રસ્તા રોકો આંદોલન ચીમકી

ધરમપુર-વાંસદા તરફના બન્ને પુલ બંધ કરાતાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓને અગવડતા પડી રહી છે. જેથી હાલમાં આ બન્ને પુલ પર મીની બસ દોડવવાની માંગ સાથે ધરમપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશ પટેલે જો એક માસમાં બંને પુલોનુ વહીવટ તંત્ર દ્વારા તાત્કાલિક સમારકામ કરવામાં ન આવશે તો રસ્તા રોકો આંદોલન કરવાની ચીમકી આપી હતી.

ઓનર કિલીંગનાં આરોપીના જામીન ફગાવી દેવાયા

સંસાર શરૂ કરનાર પ્રેમી યુગલનીં યુવતીના ભાઇઓએ અપહરણ કરી ગોળી મારી હત્યા કરી હતી

વલસાડ : બિહારથી વાપી આવી પોતાનો સંસાર શરૂ કરનાર પ્રેમી યુગલને યુવતીના ભાઈઓ અપહરણ કરી લઈ જઈ ઉત્તર પ્રદેશના સોનભદ્ર જિલ્લામાં તેમની ગોળી મારી હત્યા કરી દીધી હતી. આ કેસમાં પોલીસે આરોપીઓની ધરપકડ કરી હતી. જેમાં એક આરોપીએ જામીન માટે વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં અરજી કરતા ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ એચ.એન.વકીલે આ જામીન અરજી નામંજૂર કરી દીધી છે. બિહારના દુખન કપિલ સાવને પટનાના મોતીપુરની મુન્નીકુમારી સાથે પ્રેમ થતા લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરતા પરિવારજનોએ વિરોધ કર્યો હતો. જેના પગલે તેઓ બિહારથી ભાગીને વાપી આવ્યા હતા અને મંદિરમાં લગ્ન કરી, લવાછા ગામમાં રૂમ ભાડે લઈ રહેતા હતા.

જેની જાણ થતાં મુન્નીકુમારીના ભાઈઓ મુકેશ દ્વારકા પ્રસાદ સાવ, રાકેશ દ્વારકા પ્રસાદ સાવ, અવધેશ દ્વારકાપ્રસાદ સાવ અને મુન્નો દ્વારકાપ્રસાદ સાવ સેલવાસના સુરંગી ગામે જ રહેતા હોય તેમને તેની જાણ થઈ હતી. જેના કારણે તેમણે બેનનું તેના પ્રેમી સાથે અપહરણ કરી હત્યાનું કાવતરૂં ઘડ્યું હતુ. જેના પગલે તેઓ પોતાના એક સાથીદાર આશુતોષ પ્રેમપ્રકાશ નિષાદની મદદથી લવાછામાં તેમના ઘરેથી ગત 21 સપ્ટેમ્બર 2025ના રોજ અપહરણ કરી ગયા હતા અને ત્યારબાદ તેમણે ઉત્તર પ્રદેશના સોનભદ્ર વિસ્તારમાં યુગલની હત્યા કરી નાંખી હતી.

આ કેસમાં પોલીસે આશુતોષ પ્રેમપ્રકાશ નિષાદની ધરપકડ કરી હતી. આશુતોષે આ કેસમાં જ્યુડિશ્યલ કસ્ટડીમાંથી છૂટવા માટે વાપીની કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજૂર થઇ છે.

વલસાડમાં પાણીની ટાંકી બનાવ્યા વિના જ બિલ મંજૂર થઈ ગયું

ગામના અગ્રણીઓએ આ અંગે વલસાડ જિલ્લા પંચાયતમાં આવેદનપત્ર પાઠવ્યું

સ્થળ પર બોર થયો હોવાનું જોવા ન મળ્યું કે કોઇ ટાંકી પણ જોવા ન મળી

વલસાડ : વલસાડના કાંપરિયા ગામે પાણીની એક ટાંકી બનાવાઇ હોવાનું ચોપડે દર્શાવી તેનું બિલ પાસ કરાવી દેવાયું હતુ. જ્યારે સ્થળ પર બોર પણ થયો જોવા મળ્યો ન હતો કે કોઇ ટાંકી પણ જોવા મળી ન હતી. ત્યારે આ નર્યા ભ્રષ્ટાચાર સામે ગામના લોકોએ આ અંગે વલસાડ જિલ્લા વિકાસ અધિકારીને એક આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગણી કરી હતી.

વલસાડના કલવાડા કાંપરિયા ગામના લોકોએ આપેલા આવેદનપત્રમાં જણાવ્યું કે, ન્યુ ગુજરાત પેટર્ન યોજનામાં બોર માટે ટાંકીનું કામ મંજૂર થયું હતુ. જેના રૂપિયા 4.29 લાખના બિલની ચૂકવણી પણ થઇ ગઇ હતી. જેની જાણ ગામલોકોને થતાં તેમણે સૂચિત જગ્યા પર જોતા ટાંકી કે બોર જોવા મળ્યા ન હતા. જેના પગલે આ સમગ્ર ભ્રષ્ટાચાર ખુલ્લો પાડવા મહિલા કોંગ્રેસ અગ્રણી અને સામાજીક કાર્યકર જયશ્રીબેન પટેલે આ અંગે વલસાડ ડીડીઓ (જિલ્લા વિકાસ અધિકારી) ને એક લેખિત આવેદનપત્ર આપી ભ્રષ્ટાચાર કરનારની પોલ ખુલી પાડી તેમાં કસૂરવાર સામે પગલાં ભરવાની માંગણી કરી હતી.

કૌટુંબિક સાળીની છેડતીની બાબતમાં બનેવીની હત્યા થઇ હતી

પોલીસે વાંકલ ગામના રણજીત નાયકા વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી

વલસાડ : વલસાડ તાલુકાના ધરમપુર રોડ પર આવેલા વાંકલ ગામે રવિવારે સાંજે થયેલી હિંસક હત્યા કૌટુંબિક સાળીની હેરાનગતિના વિરોધમાં થઇ હતી. કૌટુંબિક સાળીને હેરાન કરનાર યુવકને સમજાવવા બનેવી પહોંચી ગયો હતો.

જ્યાં સાળો આવે એ પહેલાં યુવકે તેને ચપ્પુના આડેધડ રીતે છાતી અને પીઠમાં ઘા કરી ઘાયલ કરી દીધો હતો. જેના પગલે તેને હોસ્પિટલમાં લઇ જવાયો હતો, પરંતુ તેનો જીવ બચી શક્યો ન હતો.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ કૃણાલ નાયકા પોતાની કૌટુંબિક સાળીને હેરાન કરનાર રણજીત નાયકા સાથે વાતચીત કરવા અને તેને સમજાવવા માટે ગયો હતો. આ સમાધાનમાં તેનો સાળો રાહુલ પણ આવી રહ્યો હતો. જોકે, રાહુલ આવે એ પહેલાં જ કૃણાલ અને રણજીત વચ્ચે ગરમાગરમી થઇ ગઇ હતી અને રણજીતે ગુસ્સામાં પોતાની પાસેની છરી કૃણાલની છાતીમાં અને પીઠ પર હુલાવી દઇ તેને ગંભીર રીતે ઘાયલ કર્યો હતો. એ જ સમયે ત્યાં કૃણાલનો સાળો રાહુલ અને તેના સાથીદારો દોડી આવ્યા હતા. ઘાયલ હાલતમાં તેને તરત ધરમપુરની હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા, પરંતુ સારવાર દરમ્યાન કૃણાલનું મોત નિપજ્યું હતું.

આ બનાવ સંદર્ભે પોલીસે રાહુલ પટેલની ફરિયાદના આધારે વાંકલ ગામના રણજીત જગન નાયકા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો છે. આરોપી ફરાર હોવાને કારણે તેની ધરપકડ માટે પોલીસ દ્વારા સઘન ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

વોટ્સએપ પર ફેલાતી અફવાઓ અંગે નવસારી મનપાની સ્પષ્ટતા

નવસારી : વોટ્સએપ અને સોશિયલ મીડિયા પર નવસારી મહાનગરપાલિકા સંદર્ભે ફેલાતી કેટલીક ભ્રામક માહિતી અંગે મહાનગરપાલિકાએ નાગરિકોને જાણકારી આપતી સ્પષ્ટતા કરી છે. છેલ્લા કેટલાક દિવસોથી એવી વાતો પ્રસરી રહી હતી કે આદિવાસી વસ્તી ધરાવતા કેટલાક વિસ્તારોમાં રહેવાસીઓને ખાલી કરાવી તેમની જમીન અન્યને સોંપવામાં આવશે અને લોકોને અન્યત્ર સ્થળાંતર કરાવવામાં આવશે, જેના કારણે નાગરિકોમાં ચિંતા જોવા મળી હતી. આ અંગે મહાનગરપાલિકાએ સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ વિસ્તારમાં રહેતા નાગરિકોને ખાલી કરાવવાની, તેમની જમીન વેચવાની કે કોઈપણ પ્રકારની જબરજસ્તી પુનર્વસન યોજના અમલમાં મૂકવાની કોઈ યોજના નથી. સોશિયલ મીડિયા અને વોટ્સએપ પર ફરતી આવી માહિતી સંપૂર્ણપણે આધારવિહોણી હોવાનું જણાવવામાં આવ્યું છે. મહાનગરપાલિકાએ વધુમાં જણાવ્યું છે કે શહેરના વિકાસ અથવા નવીનીકરણની કોઈપણ યોજના કાયદેસર પ્રક્રિયા, પારદર્શક ચર્ચા અને નાગરિકોની સંમતિ બાદ જ અમલમાં મૂકવામાં આવે છે. હાલ સુધી આવી કોઈ યોજના અંગે મહાનગરપાલિકા તરફથી કોઈ નિર્ણય કે જાહેરાત કરવામાં આવી નથી.

ઉમરગામની કોલેજના અધ્યાપિકાએ GSETની પરીક્ષા પાસ કરી

ઉમરગામ : ઉમરગામ એમ. કે. મહેતા બી.એડ. કોલેજમાં કાર્યરત અધ્યાપિકા પટેલ અવનીબેન શંકરભાઈએ (GSET) વિઝ્યુઅલ આર્ટ વિષયમાં સફળતાપૂર્વક પાસ કરી, તેમની આ નોંધપાત્ર સિદ્ધિથી કોલેજ પરિવારમાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવાઈ રહી છે, પોતાની સતત મહેનત, નિષ્ઠા અને અધ્યયન પ્રત્યેની લગનના બળે આ સફળતા હાંસલ કરી છે. તેઓ લાંબા સમયથી શિક્ષણ ક્ષેત્રમાં સક્રિય રીતે કાર્યરત છે અને તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ રહ્યા છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ સંજયભાઈ મેહતા, ઉપપ્રમુખ શ્રેણિકભાઈ મેહતા, સેક્રેટરી સુકેતુભાઈ મેહતા અને કોલેજના આચાર્ય ડો.નીતાબેન પટેલ તેમજ સહ અધ્યાપકો, તાલીમાર્થીઓએ ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામના વ્યક્ત કરી છે, પોતાની આ સફળતાનો શ્રેય પોતાના પરિવારજનો માર્ગદર્શક ગુરુઓ અને કોલેજના સહકારને આપ્યો છે.

ડાંગ જિલ્લામાં ભવ્ય રક્તદાન શિબિરમાં ૪૩૯ યુનિટ રક્તસંગ્રહ

સાપુતારા : ડાંગ જિલ્લાનાં રામાનંદાચાર્ય સંપ્રદાય દ્વારા "જીવનદાન મહાકુંભ-૨૦૨૬"ના થીમ અંતર્ગત વઘઈ કમ્યુનિટી હોલ ખાતે ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જગદગુરુ શ્રીમદ્ રામાનંદાચાર્ય નરેન્દ્રાચાર્યજીની પ્રેરણાથી ડાંગ જિલ્લામાં આયોજિત રક્તદાન શિબિરોમાં કુલ ૪૩૯ યુનિટ રક્તદાન નોંધાયું હતુ. જેમાં આહવા તાલુકામાં ૨૦૦ યુનિટ, વઘઇ તાલુકામાં ૧૫૯ યુનિટ તથા સુબીર તાલુકામાં ૮૦ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યુ હતુ. વઘઇનાં રક્તદાન શિબિરમાં ડાંગ ધારાસભ્ય વિજય પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

નવસારીમાં પોલીસ પેટ્રોલિંગ દરમિયાન છ તલવાર જપ્ત

નવસારી : જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુચારુ રહે તે હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધ જાહેરનામાના અમલ દરમિયાન નવસારી ગ્રામ્ય પોલીસ અને SOG ટીમે નિયમિત પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન ખડસુપા ઓવરબ્રિજથી સાતેમ નાગધરા તરફ જતા માર્ગ પર એક શખ્સ શંકાસ્પદ રીતે ફરતો નજરે પડ્યો હતો. પોલીસે તેને અટકાવી તપાસ કરતા લાલ મ્યાનમાં રાખેલી છ લોખંડની તલવારો મળી આવી હતી. પકડાયેલા શખ્સે પોતાનું નામ ગોવિંદભાઈ લુહાર (ઉમર ૩૨, રહે. કલ્યાણપુરા, કાલોલ, જિ. ગાંધીનગર) હોવાનું જણાવ્યું હતું. તલવારો પર 'સીરોહી કી પ્રસિદ્ધ તલવાર ૩૦ સાલ કી ગેરંટી' લખાણ હતું. જપ્ત હથિયારોની અંદાજિત કિંમત રૂ. ૯,૮૦૦ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે જાહેરનામા મુજબ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મ્યુલ એકાઉન્ટથી દેશમાં રૂપિયા બે કરોડના ફ્રોડનો સાગરીત પકડાયો

બીલીમોરામાં ત્રણ અને ગણદેવીમાં એક બેંક ખાતાની લેવડદેવડ શંકાસ્પદ લાગતા તપાસમાં તથ્યો સામે આવ્યા

બીલીમોરા : દેશભરમાં સાયબર ફ્રોડની તપાસ વેળા બીલીમોરામાં મ્યુલ એકાઉન્ટનાં ઇનપુટ મળ્યા હતા. તે આધારે બીલીમોરા પોલીસે તપાસ કરતા દેશભરમાં રૂપિયા બે કરોડના ઓનલાઈન ફ્રોડનો સાગરીત સુરજીતસિંગ લબાના (બીલીમોરા) ની ધરપકડ કરી હતી.

બીલીમોરામાં ત્રણ અને ગણદેવીમાં એક બેંક ખાતાની લેવડદેવડ શંકાસ્પદ લાગતા તેની તપાસમાં મ્યુલ એકાઉન્ટ હોવાના તથ્યો સામે આવ્યા હતા. દેશભરમાં અલગ અલગ રાજ્યોમાં અંદાજે બસ્સો લાખનાં સાયબર ફ્રોડ ટ્રાન્જેક્શનમાં સુરજીતસિંગ હરદેવસિંગ લબાના (રહે. નવજીવન કોલોની ગૌહરબાગ બીલીમોરા, તા.ગણદેવી)નું નામ ખુલ્યું હતું.

જે આર્થિક રીતે પૈસાની જરૂરીયાતવાળા મિત્રો સહિત અન્યોને કમિશન આપવાની લાલચ આપી અલગ અલગ બેંકોમાં ખાતા ખોલાવતો હતો. અને આ બેંક ખાતાની વિગતો ઓનલાઈન સાયબર ફ્રોડ સાથે મધ્યપ્રદેશ અને બિહાર વિસ્તારનાં મુખ્ય આરોપીને પહોંચાડી ઓનલાઈન ફ્રોડ કરાતો હતો. આમ બેંક એકાઉન્ટની સગવડ પુરી પાડી સાયબર ફ્રોડની રકમમાંથી પોતાનું કમિશન રાખી બાકીની રકમ મુખ્ય આરોપી લેતો હતો.

ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, બિહાર, પંજાબ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, જમ્મુ કાશ્મીર, તેલંગાણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ, દિલ્હી અને કેરળ સહિત ૩૫ સાયબર ફ્રોડની અરજીમાં અંદાજે બસ્સો લાખનાં સાયબર ફ્રોડ ટ્રાન્જેક્શન થયા હતા. બીલીમોરા પીઆઈ જયદીપસિંહ ચાવડા વધુ તપાસ કરી રહ્યાં છે.

ગુજરાતને 6 વિકેટે હરાવી મધ્યપ્રદેશ ચેમ્પિયન બન્યું

વલસાડમાં કૂચ બિહાર ટ્રોફીની ફાઈનલ મેચમાં મધ્યપ્રદેશનો બોલર હર્ષવર્ધન ચૌહાણ 8 વિકેટ ખેરવી મેન ઓફ ધ મેચ બન્યો

મેચ અપડેટ

ગુજરાત પ્રથમ દાવ-216, બીજો દાવ-133

મધ્યપ્રદેશ પ્રથમ દાવ-178, બીજો દાવ-176/4

વલસાડ : વલસાડના બીડીસીએ સરદાર પટેલ સ્ટેડિયમમાં રમાઈ રહેલી અંડર.19 કૂચ બિહાર ટ્રોફીની ફાઈનલ મેચ ત્રણ દિવસમાં સમેટાઈ ગઈ હતી. જેમાં મધ્યપ્રદેશની ટીમ ગુજરાતની ટીમને 6 વિકેટે હરાવી ચેમ્પિયન બની હતી. મેચના હીરો મધ્યપ્રદેશના બોલર યશવર્ધન ચૌહાણે 8 વિકેટ મેળવી મેન ઓફ ધ મેચ બન્યો હતો. મધ્ય પ્રદેશની ટીમે બીજા દાવમાં 4 વિકેટ ગુમાવી 176 રન બનાવ્યા હતા.

સમગ્ર ટુર્નામેન્ટમાં 57 વિકેટ અને 545 રન મેળવી મેન ઓફ ધ સિરીઝ

સમગ્ર ટુર્નામેન્ટમાં સૌથી વધુ 545 રન અને કુલ 57 વિકેટ લેતા મેન ઓફ ધ સિરીઝ પણ હર્ષવર્ધન બન્યો હતો. હર્ષવર્ધન સાથે 'ગુજરાતમિત્ર'ની વિશેષ વાતચીતમાં તેણે ટુર્નામેન્ટ અગાઉથી કરાતી પ્રેક્ટિસ, કોચ માર્ગદર્શન, ટીમ સ્પિરિટ સહિતને લઈ ટીમ ચેમ્પિયન બની છે, તેમ જણાવ્યું હતું. તેણે વલસાડની પીચ, સ્ટેડિયમ અને ફેન્સની પણ ભારે સરાહના કરી હતી.

દીકરાની ફાઈનલ મેચ નિહાળવા પિતા છેક ગ્વાલિયરથી વલસાડ આવ્યા

હર્ષવર્ધનની ફાઈનલ મેચ નિહાળવા તેના પિતા ગ્વાલિયરથી વલસાડ આવ્યા હતા. 'ગુજરાતમિત્ર' સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે, એક પિતા માટે આ સૌથી સુખદ ક્ષણ હોય છે, જ્યારે ત્રણ દિવસમાં પૂર્ણ થયેલી મેચ અને તે પણ ફાઇનલ મેચમાં દીકરો 8 વિકેટ લઈ ટીમને ચેમ્પિયન બનાવે. જોકે હર્ષવર્ધન અંગે જણાવ્યું કે સેમીફાઈનલમાં પણ તેણે 7 વિકેટ મેળવી હતી.

ડાંગ જિલ્લામાં આઉટસોર્સિંગ ભરતીમાં સગાવાદના આક્ષેપ

કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તપાસની માંગ

અનેક કચેરીઓમાં પતિ-પત્ની કે ભાઈ-બહેન જેવા એક જ પરિવારના સભ્યોને નોકરી આપી 'પરિવારવાદ' ચલાવાયાનું સામે આવ્યું

સાપુતારા : ડાંગની વિવિધ સરકારી કચેરીઓમાં આઉટસોર્સિંગ ભરતીમાં ભ્રષ્ટાચાર અને સગાવાદ આચરવામાં આવતો હોવાના ગંભીર આક્ષેપો સાથે કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. શિક્ષિત યુવાનોએ પારદર્શિતા લાવવા અને દોષિતો સામે પગલાં લેવાની માંગ કરી છે.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, નાણાં વિભાગના વર્ષ ૨૦૧૦ના ઠરાવ મુજબ વહીવટી કાર્યક્ષમતા વધારવા માટે આઉટસોર્સિંગ ભરતીની જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ હાલમાં એજન્સીઓ અને જવાબદાર અધિકારીઓની મિલીભગતથી મેરિટને બાજુ પર મૂકી, માત્ર મળતિયાઓ અને સગાસબંધીઓને નોકરીએ રાખવામાં આવી રહ્યા છે. અનેક કચેરીઓમાં પતિ-પત્ની કે ભાઈ-બહેન જેવા એક જ પરિવારના સભ્યોને નોકરી આપી 'પરિવારવાદ' ચલાવવામાં આવતો હોવાનું સામે આવ્યું છે. ડાંગ જેવા પછાત જિલ્લામાં રોજગારીની આશા રાખતા લાયક આદિવાસી યુવાનોને બાકાત રાખવામાં આવે છે. ભરતી માટેની કોઈ સત્તાવાર જાહેરાત પ્રસિદ્ધ કર્યા વિના, છુપી રીતે માનીતાઓની નિમણૂક કરી દેવામાં આવે છે, જે 'ગુજરાત સિવિલ સર્વિસીસ (વર્તણૂક) નિયમો, ૧૯૭૧'નો સ્પષ્ટ ભંગ છે.

યુવાનોએ માંગ કરી છે કે અત્યાર સુધીની તમામ ભરતીઓની તટસ્થ સમિતિ દ્વારા તપાસ થાય, સગાવાદ આચરનાર એજન્સીઓ અને અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને ભવિષ્યની ભરતી સંપૂર્ણ મેરિટ અને પારદર્શક પદ્ધતિથી કરવામાં આવે. જો ન્યાય નહીં મળે, તો આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

ધરમપુરના બોપી ગામના ખેતરમાંથી માનવ કંકાલ મળી આવ્યુ

ધરમપુર : ધરમપુર તાલુકાના બોપી ગામે વડપાડા ફળિયા ખાતે રહેતા ચંદુ રાજુ દલવીની બાજુની જમીનમાંથી પસાર થતા નાના ઝરણાંના ખાડામાં માનવ કંકાલ મળી આવતાં ચક્ચાર મચી જવા પામી હતી.

માનવ કંકાલ લાશના શરીરે ગુલાબી કલરનું શર્ટ, કમરે જીન્સ પેન્ટ પહેરેલું હતું, તેમજ ઘણો સમય થયો હોવાથી કપડાં કાળા પડી ગયા હતા, શરીરે ફક્ત હાડકાં જ દેખાતાં હતા. જોકે જમીન માલિક ચંદુ રાજુ દલવીએ આ અંગે ધરમપુર પોલીસ મથકે જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કોઈ આપે કોઈપણ સ્કીમ કે ભાવમાં ડીસ્કાઉન્ટ સૌથી સસ્તુ તો આપે એક જ

આર.એ.પરીખ જ્વેલર્સ આંતલીયા, બીલીમોરા (પૂર્વ) મો. 9825558181

916 હોલમાર્ક HUID દાગીનાનો આજનો ભાવ

₹1,25,990 પ્રતિ 10 ગ્રામ